અપીલ અરજી નં.૩૨૪ તા.૪–૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી ઈદરીશહુસેન અબ્દુલહુસેન શેખ
સામાવાળાઃ– તમામ ઝોનના વિભાગીય વડા અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઈદરીશહુસેન અબ્દુલહુસેન શેખની તા.૧૬–૧૧–૦૯ નીઅરજીથી ગુજરાત ગેસ કંપનીના ખોદાણ અંગેની (એ) ગેસ પાઈપ નાંખવાની મંજુરી પત્રની નકલ (બી) ગેસ પાઈપ નાંખવામાં આવેલ હોય તેના રૂટ પ્લાનની નકલ. (સી) બેંક ગેરન્ટીની વિગતની નકલ. (ડી) મેમોરેન્ડમ ઓફ એગ્રીમેન્ટની નકલ. (ઈ) જમીન સંપાદન સબબ એકત્ર કરવાપાત્ર રકમની વિગતની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૪–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૨૪/૨૦૦૯–૧૦

શ્રી ઈદરીશહુસેન અબ્દુલહુસેન શેખની તા.૧૬–૧૧–૦૯ ની અરજીથી ગુજરાત ગેસ કંપનીના ખોદાણ અંગેની (એ) ગેસ પાઈપ નાંખવાની મંજુરી પત્રની નકલ (બી) ગેસ પાઈપ નાંખવામાં આવેલ હોય તેના રૂટ પ્લાનની નકલ. (સી) બેંક ગેરન્ટીની વિગતની નકલ. (ડી) મેમોરેન્ડમ ઓફ એગ્રીમેન્ટની નકલ. (ઈ) જમીન સંપાદન સબબ એકત્ર કરવાપાત્ર રકમની વિગતની માહિતી આપવા બાબતે આપેલ માહિતી આરટીઆઈ પ્રકરણ –૧ કલમ–૨ (૧)(અ) અને એફ(૧),(૨) અને(૩) અને પ્રકરણ (૨) કલમ ૪ (૧)(ખ)(૧૩) અને (ગ) હેઠળ મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૪૨ તા.૧૨–૧–૧૦ થી તમામ ઝોનના વિભાગીય વડા અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને તેમની અપીલ અરજી કોલમ–૬(સી) માં નિર્દિષ્ટ કલમો સંદર્ભે કઈ માહિતી કઈ કલમ હેઠળ વર્ગીકૃત કરે છે તે સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી. કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૧૪૫૯ તા.૧૯–૧–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી ગુજરાત ગેસ કંપની તથા રોડ વિભાગને નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૧૧૧ તા.૧૭–૧૧–૦૯ થી તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, તથા રોડ વિભાગ તરફથી તમામઝોન તથા ડે.ઈજનેર સી.ઈ.સ્પે.સેલને પત્ર નં.આરડીડી/આ.નં.૬૨૭ તા.૨૩–૧૧–૦૯ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારના ઈલેકશન કાર્ડની નકલ, સે.ઝોન તરફથી ગુજરાતગેસ કંપનીને સે.ઝોન /આરટીઆઈ/આ.નં.૧૧૭૮ તા.૧–૧૨–૦૯ થી પાઠવેલ પત્રની નકલ , જેના સંદર્ભે ગુજરાત ગેસ કંપનીએ સેન્ટ્રલઝોનને પાઠવેલ પત્રની નકલ, ત્રાહિત પક્ષકારની માહિતીની જોગવાઈ દર્શાવતી વિગતની નકલ, સેન્ટ્રલઝોને અરજદારને આપેલ માહિતી પત્ર નં. સે.ઝોન/ આરટી આઈ /આ.નં.૧૨૪૭ તા.૧૫–૧૨–૦૯ ના પત્રની નકલ અત્રે પૂરક વિગતોમાં મળેલ છે. વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૬૨૭ તા.૨૦–૧–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં કાર્યપાલક ઈજનેર રાંદેરઝોન તરફથી ગુજરાત ગેસ કંપનીને પાઠવેલ પત્ર નં.પશ્ચિમઝોન/આ.નં.૧૪૬૮ તા.૨–૧૨–૦૯ ના પત્રની નકલ, જેના સંદર્ભે ગુજરાતગેસ કંપનીએ વેસ્ટઝોને પાઠવેલ પત્રની નકલ, ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી અરજદારને પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૫૦૬ તા.૧૪–૧૨–૦૯ ના પત્રની નકલ, મુળ અરજી તથા તબદીલ અરજી પત્રોની નકલ મળેલ છે. ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૪૯૨ તા.૧૩–૧–૧૦ થી અરજદારને પાઠવેલ માહિતી પત્રની નકલ જેમાં અરજદારને નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૪૬૩ તા.૧૦–૧૨–૦૯ ના રોજ માહિતીના ઈન્કારના પત્રની નકલ મળેલ છે તથા ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૭૯૩ તા.૨૧–૧–૧૦ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં તબદીલ પત્ર, મુળ અરજીની નકલ, તથા અરજદારને આપવામાં આવેલ માહિતીના ઈન્કાર અંગેના નં.સા.વે.ઝોન/અઠવા/આ.નં.૬૮૩ તા.૧૮–૧૨–૦૯ ના પત્રની નકલ અત્રેના વિભાગને પૂરક વિગતોમાં મળેલ છે. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૩૭૪૮ તા.૨૨–૧–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજીની નકલ,, તબદીલ પત્રોની નકલ, લીંબાયતઝોને ગુજરાત ગેસને પાઠવેલ પત્ર તથા નં.સા.ઈ.ઝોન/ટેક/૪૨૧૭ તા.૧૫–૧૨–૦૯ ના રોજ ત્રાહિત વ્યકિત તરીકે આપેલ નોટીસની નકલ, જેના સંદર્ભે ગુજરાત ગેસ કંપનીએ લીંબાયતઝોનને પાઠવેલ પત્રની નકલ અત્રેના વિભાગને પૂરક વિગતોમાં મળેલ છે. ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી અત્રેના વિભાગને નોર્થ ઝોન/આ.નં.૭૩૮૯ તા.૨૫–૧–૧૦ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં તબદીલ પત્રો, અરજદારની મુળ અરજીની નકલ, કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારીએ પત્ર નં.એન.ઝેડ/આ.નં.૬૨૯૯ તા.૧૪–૧૨–૦૯ ના રોજ અરજદારને માહિતી અંગે પાઠવેલ પત્રની નકલ, ગુજરાતગેસ કાં ધ્વારા નોર્થઝોન કચેરીને પાઠવેલ પત્રની નકલ તથા સુરત સીટીના ચાર્જ એરીયાના લોકેશન ભૌગૌલિક સ્થિતિ દર્શાવતી નકલ અત્રેના વિભાગને પૂરક વિગતોમાં મળેલ છે.

અરજદારની તા. ૧૬–૧૧–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય બાબતે માહિતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી તા.૧૭–૧૧–૦૯ થી ગુજરાત ગેસ કંપની લી. સુરત તથા કાર્યપાલક ઈજનેર રોડ વિભાગને તબદીલ કરવામાં આવેલ. રોડ વિભાગ તરફથી તા.૨૩–૧૧–૦૯ થી કાર્યપાલક ઈજનેર તમામઝોન તેમજ ડે.ઈજનેર સી.ઈ. સ્પે. સેલને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી તા.૧૫–૧૨–૦૯ ના પત્રથી મુદ્દા નં. એ અને બી અંગે ગેસ પાઈપ નાંખવાની મંજુરી અને રૂટ પ્લાનની નકલ આરટીઆઈ એકટની કલમ–૮(૧)(એ) અને ૮(૧)(ડી) મુજબ આપી શકાય તેમ નથી જયારે મુદ્દા નં.સી અને ડી અંગે બેંક ગેરંટી અને મેમોરેન્ડમ ઓફ એગ્રીમેન્ટ સેન્ટ્રલઝોન ખાતે ઉપલબ્ધ નથી અને મુદ્દા નં.ઈ અંગે ગેસ પાઈપ લાઈન અંગે જમીન સંપાદન બાબતેની જમા રકમ નો રેકર્ડ ઉપલબ્ધ નથી તેવી માહિતી અરજદારને આપવામાં આવેલ છે. ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર તા.૧૪–૧૨–૦૯ થી માંગવામાં આવેલી માહિતી રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ–૨૦૦૫ ના પ્રકરણ–૨ ની કલમ–૮(૧) હેઠળ મુકિત આપેલ વર્ગમાં આવે છે. તેવી માહિતી આપવામાં આવેલ છે. ઝોનલચીફ અને જાહેર મીહતી અધિકારી વરાછાઝોન તરફથી પ્રથમ પત્ર તા.૧૦–૧૨–૦૯ થી ગુજરાત ગેસ કંપનીને સેકશન–૨(એચ) હેઠળ આરટીઆઈ એકટ લાગુ પડતો નથી. વધુમાં ગુજરાત ગેસ કંપની ધ્વારા માંગેલ માહિતી કોન્ફિડેન્શિયલ હોય આપી શકાય નહીં એમ જણાવેલ છે. જે કારણસર માંગેલ માહિતી આપવી શકય નથી. તેવું જણાવેલ. કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી તા.૧૮–૧૨–૦૯ થી રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ –૨૦૦૫ હેઠળથી માંગવામાં આવેલી માહિતી અન્વયે રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ –૨૦૦૫ ના પ્રકરણ–૨ ની કલમ –૮(૧) હેઠળ મુકિત આપેલા વર્ગમાં આવે છે તેવી માહિતી આપવામાં આવે છે. કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી તા.૧૪–૧૨–૦૯ થી માંગેલી માહિતી ગુજરાતગેસ કાં. ને લાગુ પડે છે જેથી આ અંગે કોઈ માહિતી આપવાની રહેતી

નથી. તેવો પ્રત્યુત્તર પાઠવેલ. લીંબાયતઝોન તથા ઉધનાઝોન તથા સીટી ઈજનેર સ્પે. સેલ તરફથી અરજદારને કોઈ માહિતી આપેલ જણાતી નથી. જેના અનુસંધાને અરજદારે તા.૪–૧–૧૦ ના રોજ અપીલ અરજી કરી કોલમ–૬(સી) માં આરટીઆઈ એકટ–૨૦૦૫ હેઠળ પ્રકરણ–૧ સ ેકશન ૨(૧)(ક) અને એફ (૧)(૨)(૩) અને પ્રકરણ–૨ (૪)(૧)(ખ) (૧૩) અને (ગ) ની કલમો જણાવી અપીલ અરજી કરેલ છે. પરંતુ અપીલ અરજી સાથે કે અપીલ અરજી તબકકે પત્ર પાઠવ્યા છતાં પણ કલમ હેઠળની વર્ગીકૃત માહિતી કે સ્પષ્ટતાની વિગતો રજૂ કરેલ નથી. વધુમાં પૂરક વિગતોમાં ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૪૯૨ તા.૧૩–૧–૧૦ થી સીએ–૦૪ મગોબની ૨૦૦૭–૦૮ ૨૦૦૮–૦૯ અને ૨૦૦૯–૧૦ રસ્તા ખોદાણ ચાર્જ રાઈટ ઓફ યુઝર લેન્ડ ચાર્જ અને પાઈપ લાઈન લંબાઈની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. તેની નકલ રજૂ કરેલ છે. જયારે લીંબાયતઝોન તરફથી પૂરક વિગતોમાં ગેસ કંપનીએ કરેલી રજૂઆતમાં જણાવેલ વિગત સદર માહિતી ગોપનીય હોય તેમજ તેઓના ધંધાકીય હિત/ટ્રેડ સીક્રેટને નુકશાન કરે છે તેમજ સુરત શહેરની સલામતી જોખમાય શકે તેમ હોય અરજદારને માહિતી પૂરી પાડવા ઈન્કાર કરેલ છે.

સમગ્ર હકીકત જોતાં અરજદારે માંગેલ માહિતી પૈકી ગેસ પાઈપ લાઈન નાંખવા માટે મંજુરીની નકલ અરજદારે માંગેલ ક્રમાંક(એ) તથા જમીન સંપાદન સબબ એકત્ર કરવાપાત્ર રકમ ક્રમાંક (ઈ), માહિતી જાહેર સ્ત્રોત હેઠળ દસ્તાવેજમાં વર્ગીકૃત થતી ગણાય. જયારે માંગેલ માહિતી ક્રમાંક (ડી), ગેસ પાઈપ લાઈનનો રૂટ પ્લાનની નકલ ક્રમાંક (બી), બેંક ગેરંટી બજવણીની વિગતો ક્રમાંક (સી) તેમજ મેમોરેન્ડમ એગ્ર ીમેન્ટની નકલ ક્રમાંક(ડી) પૈકી ગેસ પાઈપ લાઈન રૂટ પ્લાનની બાબત કાયદા કલમ–૮(૧) (એ) હેઠળ ભારતની સલામતી અને વિપરીત અસર કરે તે કક્ષામાં અપવાદ હેઠળ આવે તથા બેંક ગેરંટી અને મેમોરેન્ડમ ઓફ એગ્રીમેન્ટ બંને કાયદાની કલમ–૧૧ હેઠળ ત્રાહિત ધ્વારા પૂરી પડાયેલ હોય તો ત્રાહિતની કક્ષામાં આવે.

અરજદારની મુળ અરજી ક્રમાંક (એ) તથા (ઈ) પૈકીની કોઈ માહિતી પક્ષકાર જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને અપાયેલી જણાતી નથી. અરજદારે ગેસ પાઈપ લાઈન નાંખવા માટે મંજુરી પત્રની નકલ માંગેલ તથા જમીન સંપાદન અંગેની માહિતી માંગેલ છે. તેથી જો આવી જમીન સંપાદન કરેલ હોય તો (એ) ની સાથે (ઈ) ની માહિતી તમામ જાહેર માહિતી અધિકારીઓએ આપવા પાત્ર થાય.જો આ બાબતે ક્રમાંક સી અને ડી ની માહિતી ત્રાહિત ધ્વારા રજૂ થયેલ હોય તો કાયદાની કલમ–૧૧ હેઠળની પ્રક્રિયા કરી જાહેર હિતને અનુલક્ષી જાહેર માહિતી અધિકારીએ નિર્ણય લેવાનો રહે. જે અંગે લગભગ તમામ જાહેર માહિતી અધિકારીઓએ ત્રાહિતને પુછાવતો ત્રાહિત કંપની ધ્વારા આ બાબતે વાંધો ઉત્પન કરેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારીઓ ધ્વારા માહિતીના ઈન્કારમાં તેનો સ્પષ્ટ નિર્દેશ કરેલો જણાતો નથી. માહિતીના ક્રમાંક (બી) અંગે તમામ જાહેર માહિતી અધિકારીઓએ લીધેલ અપવાદ કાયદા સાથે સુસંગત નથી.

અરજદારે અપીલ તબકકે એપ્રુવ લેટરની માહિતી કલમ–૪(૧)(ખ) (૧૩) હેઠળ સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષામાં આવે તેવી દલીલ કરેલ છે. જો તેનું અર્થઘટન કરવામાં આવે તો છુટછાટો,પરવાનગીઓ અને અધિકૃતિઓ મેળવનારાઓની વિગતો આવે છે. જે નિશ્ચિત સમયગાળા માટે કે કાયમી ધોરણે વૈધાનિક જોગવાઈઓ હેઠળ આપવામાં આવેલ હોય તેનો સમાવેશ થાય. પરંતુ જરૂરીયાત પ્રસંગે પ્રસંગો ઉચિત મરામત અને નિભાવ ખર્ચ વસુલ કરીને આપવામાં આવતી બાબતો વ્યાપક સ્વરૂપે રોજબરોજના વહીવટમાં બનવા પામતી હોય તેનો સમાવેશ આ કક્ષાએ થઈ શકે નહીં અન્યથા તેની સીધી વિપરીત અસર આ કાયદાના આમુખમાં નિર્દિષ્ટ વિગતે જાહેર સત્તા મંડળના કાર્યક્ષમ સંચાલન અને મર્યાદિત નાણાકીય સાધનો મહત્તમ ઉપયોગ સાથે સંઘર્ષમય બનાવે.

વધુમાં અરજદારે માંગેલ માહિતી અને અપીલના પક્ષકાર જાહેર માહિતી અધિકારીની વિગતો જોતાં આ બાબત કાયદાની કલમ–૭(૯) ની કક્ષા હેઠળ પણ વર્ગીકૃત કરી શકાય.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૬–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી ગુજરાત ગેસ કંપની ધ્વારા સુરત શહેરમાં ગેસ પાઈપ લાઈન નાંખવા અંગેના ૨૦૦૬–૦૭ થી ૨૦૦૮–૦૯ દરમ્યાનના મંજુરી પત્રની નકલો તથા જો આ સમયગાળા દરમ્યાન કંપનીએ જમીન સંપાદન કરેલ હોય તો તે સબબ એકત્ર કરવા પાત્ર રકમની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળની પ્રક્રિયા અનુસરી દિન–૧૫ ની અવધિમાં અરજદારને અત્રેની જાણ હેઠળ માહિતી પૂરી પાડવા પક્ષકાર તમામ જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

બેંક ગેરંટી અને મેમોરેન્ડમ ઓફ એગ્રીમેન્ટ બાબતે ત્રાહિત ધ્વારા લેવામાં આવેલ વાંધાને અનુલક્ષી જાહેર માહિતી અધિકારી ધ્વારા કરેલ માહિતીનો ઈન્કાર બહાલ રાખવામાં આવે છે. જયારે રૂટ પ્લાન અંગે અરજદારની માંગણીનો ઈન્કાર પણ કાયદાની કલમ–૮(૧)(એ) સાથે સુસં ગત હોઈ બહાલ રાખવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) તમામ ઝોનના વિભાગીય વડા અને જાહેર માહિતી અધિકારી તથા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સી.ઈ. સ્પે સેલ)...જાણ તથા અમલ માટે
(૨) શ્રી ઈદરીશહુસેન અબ્દુલહુસેન શેખ